For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in





પ્રકાશના મહાપર્વને ઉજવવા માટે લોકોમાં અનેરો ઉત્સાહ, શહેરના લહેરીપુરા, ચારદરવાજા વિસ્તારમાં શહેર, જિલ્લાના લોકોની દિવાળીના દિવસે મોડી રાત સુધી ભીડ ઉમટી, કંદીલ, કપડાં, પગરખાં, સજાવટ તથા અન્ય ચીજવસ્તુઓ ખરીદતાં જોવા મળ્યાં. (તસવીર : રણજીત સૂર્વે)

### દિવાળીની ઉજવણીના ઉત્સાહ સાથે મંગળબજાર સહિત કપડાં, બૂટ સહિતની ખરીદી માટે માનવ મહેરામણ ઉમટ્યું

# પ્રકાશના મહાપર્વે શહેરના બજારોમાં ધૂમ ખરીદી

**શહેર** ઉપરાંત જિલ્લાના લોકો પણ ચારદરવાજા વિસ્તારમાં ખરીદી માટે ઉમટ્યા

**શહેરના** ચાર દરવાજાના બજારોમાં ભીડભાડ થી ટ્રાફિક જામની સમસ્યા વકરી

(પ્રતિનિધિ) વડોદરા તા. 30

અંધકારમાંથી પ્રકાશ તરફ લ ઈ જતા મહાપર્વ એટલે આજે તા. 31 મી ઓક્ટોબર ને દિવાળી છે ત્યારે શહેરીજનો અને જિલ્લામાં પણ દીવાળી તથા હિન્દુ નૂતનવર્ષને ઉજવવાનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.શહેરના માંડવી, ન્યાયમંદિર, નવાબજાર, લહેરીપુરા તથા રાવપુરા વિસ્તારો સહિત અન્ય વિસ્તારોમાં દિવાળી પર્વ માટે મોડી રાત સુધી લોકોની વિવિધ ચીજવસ્તુઓ ની ખરીદી માટે ભીડ જોવા મળી હતી. વેપારીઓએ પણ ગત મોડી રાત સુધી દુકાનો ખુલ્લી રાખી હતી જ્યાં લોકોએ ઠંડકભર્યા વાતાવરણમાં ઓછી ભીડ દરમિયાન ખરીદી કરી હતી. ખાનગી તથા સરકારી, અર્ધસરકારી કંપનીઓમાં છેલ્લી ઘડીએ બોનસ છૂટું કરાતા કર્મચારીઓના પરિવારો તથા અન્ય લોકો દ્વારા શહેરના માંડવી, ન્યાયમંદિર, નવાબજાર, લહેરીપુરા વિસ્તાર, કૃણાલ ચારરસ્તા તથા મુજમહુડા ન્યાયમંદિર ફરતે લોકોની વિવિધ વસ્તુઓ જેવી કે, કપડાં, રંગોળી, માટીના દીવડા, આર્ટિફિશિયલ સજાવટની ચીજવસ્તુઓ, લાઈટો, અવનવા ડિઝાઈનવાળા કંદીલ, નવા વાસણો, નવા સાધનો, મોબાઈલ ફોન, લેપટોપ, રેફ્રિજિરેટર, ટેલિવિઝન સહિતના વીજ ઉપકરણો વાસણો ની ખરીદી કરવામાં આવી હતી ત્યારે બીજી તરફ શહેરના અન્ય વિસ્તારમાં આવેલી મિઠાઈ તથા ફરસાણની દુકાનોમાં લોકો કતારોમા મિઠાઈઓના દુકાનો પર મિઠાઈ ખરીદતા જોવા મળ્યા હતા. દીવાળી પર્વ એટલે પ્રકાશનો પર્વ ને લઈને લોકો રંગબેરંગી વિવિધ પ્રકારની ચાઈના તથા ભારતીય બનાવટની લાઈટો, કંદીલ, પાણીવાળા દીવા, વિગેરેની પણ ખરીદી કરી રહ્યાં છે.ગત તા. 30મી ઓક્ટોબરે કાળીચૌદશ મનાવવામાં આવી હતી જ્યારે, તા.31ઓક્ટોબર તથા 01 નવેમ્બર દિવાળી ની ઉજવણી કરવામાં આવશે તથા તા.02 નવેમ્બરે હિન્દુ નવવર્ષની ઉજવણી કરવામાં આવશે.

### ન્યાય મંદિર વિસ્તારમાં લારી પથારા ધારકોનો ખડકલો ભીડ ઉમટી, ટ્રાફિકનું ભારણ વધ્યું

વડોદરા શહેરમાં દિવાળીના તહેવારોને લઈને શહેરના ચાર દરવાજા વિસ્તારોમાં વહેલી સવારથી સાંજ સુધી ખરીદી અર્થે લોકોની ભારે ભીડ થતા ટ્રાફિકનું ભારણ વધ્યું છે. દિવાળીના તહેવારને માત્ર એક દિવસ બાકી છે ત્યારે વડોદરા શહેરમાં આવેલા તમામ બજારોમાં લોકોની ભારે ભીડ ખરીદી માટે ઉમટી રહી છે ખાસ કરીને શહેરના ચાર દરવાજા વિસ્તારમાં પ્રતિ વખતની જેમ આ વર્ષે પણ ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સવારથી લઈને સાંજ સુધીમાં જાહેર માર્ગો ઉપર ગેરકાયદેસર લારી પથારાના દબાણો ઊભા થઈ જતા પસાર થતા વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે.જેના કારણે લોકોને કલાકો સુધી ટ્રાફિક જામમાં ફસાઈ રહેવાની ફરજ પડી રહી છે.


### માંડવી ખાતે આવેલા મહાકાળી મંદિર તથા વિવિધ હનુમાનજી મંદિરોમાં ભક્તોએ પૂજા દર્શન કર્યા



કાળી ચૌદશ નિમિત્તે માંઇભક્તોએ શહેરના માંડવી ખાતે આવેલા પૌરાણિક મહાકાળી માતાના મંદિરે સવારથી જ દર્શન પૂજન કર્યા હતા. અહીં માંઇભક્તોએ માતાજીને ચૂંદડી, ફૂલો, શ્રીફળ તથા લીંબુ અર્પણ કરી પૂજા કરી હતી. મંદિરમાં કાળીચૌદશ નિમિત્તે હવનનુ પણ આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં ભક્તોએ શ્રીફળ હોમી પોતાની મનોકામનાઓ માતાજી સમક્ષ રજૂ કરી હતી. બીજી તરફ મોડીરાત્રે શહેરના વિવિધ હનુમાનજી મંદિરોમાં ભક્તોએ પૂજા, દર્શન કર્યા હતા. ભક્તોએ હનુમાનજી ને કાળા તલ, કાળા અડદ, આકડાના ફૂલોની માળા, ચમેલીનુ તેલ, શ્રીફળ, સિંદૂર અગરબત્તી સાથે હનુમાન ચાલીસાના પાઠ, સુંદરકાંડના પાઠનુ પઠન કર્યું હતું જેથી કોઇપણ પ્રકારની આધિ વ્યાધિ ઉપાધિથી રક્ષણ મળે.

### કેવડિયા ખાતે એકતા દિવસની ઉજવણી સહભાગી થવા આવી પહોંચ્યા

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરી વડોદરા પહોંચ્યા, એરપોર્ટ પર સ્વાગત





**પ્રધાનમંત્રી** વાયુસેનાના હેલિકોપ્ટર મારફત કેવડીયા જવા રવાના

(પ્રતિનિધિ) વડોદરા તા.30

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કેવડિયા ખાતે દેશની એકતાના શિલ્પી સરદાર સાહેબની જન્મ જયંતી પ્રસંગે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિત્તે રાષ્ટ્રીય એકતા પરેડમાં સહભાગી થવા આજરોજ વડોદરા એરપોર્ટ ખાતે આવી પહોંચતા પ્રધાનમંત્રીનું ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. વડોદરા એરપોર્ટ ખાતે મેયર પિન્કીબેન સોની, મુખ્ય સચિવ રાજકુમાર, ડીજીપી વિકાસ સહાય, પોલીસ કમિશનર નરસિંમ્હા કોમાર, કલેકટર બીજલ શાહે પ્રધાનમંત્રીને આવકાર્યા હતા.ત્યારબાદ પ્રધાનમંત્રી વાયુસેનાના હેલિકોપ્ટર મારફત કેવડીયા જવા રવાના થયા હતા.

## ઝઘડાની અદાવત રાખી વેપારી પર પૂર્વ કર્મચારીનો ચાકુથી હુમલો

**મને** નોકરી પરથી કાઢી મુક્યો તો પછી મહિલાને પણ કાઢી મુક કહી ઝઘડો કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

ડભોઈ રોડ પર ધંધો કરતા વેપારીએ થોડા સમય પહેલા તેમને ત્યાં નોકરી કરતા કર્મચારી મહિલા સાથે ઝઘડો કરતો હોય તેને કેઢી મુક્યો હતો. ત્યારે તેની રીસ રાખીને કર્મચારી તેમની પાસે આવ્યો હતો.તુ મને નોકરી પરથી કાઢી મુક્યો હતો તો પછી મહિલાને પણ નોકરી પરથી કાઢી મુક તેમ કહી તેમની સાથે ઝઘડો કર્યો હતો અને ત્યારબાદ ચાકુથી વેપારી પર હુમલો કરી ફરાર થઈ ગયો હતો. જેથી વેપારીએ તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલી સાંઈનાથપાર્ક સોસાયટીમાં રહેતા અંકિત દિનેશભાઈ પ્રજાપતિ (ઉં.વ.33)એ ફરિયાદ નોંધાવી છે કે હુ ફેસકિંગ ગાર્લિક નામથી ધંધો કરું છે. 29 ઓક્ટોબરના રોજ હુ ડભોઈ રોડ પર અનસુયાનગર ભાથીજી મંદિરની સામે મારી દુકાન પર ગયો હતો. ત્યાંથી કંપનીમાંથી આવેલુ ફાલેલુ લણ લઈને નેશનલ હાઈવે પર આવેલી અલગ અલગ હોટલમાં સામાન આપવા માટે ગયો હતો. કપુરાઈ ચકોડી, તરસાલી બ્રિજ વચ્ચે દાવત હોટલ ખાતે આપી હોટલના પાર્કિંગમાં ઉભો હતો. અગાઉ અમારે કામ કરતો જય પ્રજાપતિ (રહે. ઘાંઘરેટિયા) મહિલા સાથે ઝઘડો કર્યો હતો જેથી તેને કાઢી મુક્યો હતો ત્યારે જય મારી પાસે આવ્યો હતો અને મને જણાવ્યું હતું તે મને નોકરી પરથી કાઢી નાખ્યો હતો તો તુ સરીતાબેનને પણનોકરી પરથી કાઢી મુક તેમ કહી મારી સાથે ઝઘડો કરી મારા પર ચાકુથી હુમલો કર્યો હતો. દરમિયાન મે બુમાબુમ કરતા આસપાસમાંથી લોકો દોડી આવ્યા હતા ત્યારે હુમલાખોર સ્થળ પરથી ભાગી ગયો હતો. જેથી વેપારીને નોંધાવેલી ફરિયાદના આધારે કપુરાઈ પોલીસે ગુનો નોંધી તેને ઝડપી પાડવા તજવીજ શરૂ કરી છે.

## તુલસીવાડી પોલીસ ચોકી પાસેથી શંકાસ્પદ મૃતદેહ મળી આવ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.30

તુલસીવાડી વાડી પોલીસ ચોકી પાસેથી એક આધેડ વયના પુરૂષનો શંકાસ્પદ મૃતદેહ મળી આવ્યો હતો. જેથી પોલીસે લાશનું પીએમ સયાજી હોસ્પિટલમાં કરાવ્યું હતું. પોલીસે હાલમાં અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલી તુલસીવાડી હાથીખાના રોડ પર આવેલી ઝુપડપટ્ટીમાં જયંતિ વાલજી રાઠોડ (ઉંવ.50) પરિવાર સાથે રહેતો હતો. દરમિયાન તેમના ઘરમાં કંકાસ થતા તેઓ ઘરની બહાર નીકળી જતા હતા. 10થી 15 દિવસ બાદ પરત ઘરે આવતા હતા. દરમિયાન 30 ઓક્ટોબરના રોજ તુલસીવાડી પોલીસ ચોકી પાસેથી શંકાસ્પદ હાલતમાં જંયતિ રાઠોડનો મૃતદેહ મળી આવ્યો હતો. જેથી કુભારવાડા પોલીસે મૃતદેહને પીએમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ કોઈ ચોક્કસ કારણ તેમના મોતનું બહાર આવ્યુ ન હતું. જેથી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથધી છે.

### કોર્પોરેશનમાં રજૂઆત કરવા જઇએ છીએતો યોગ્ય જવાબ મળતો નથી : લોકોની વેદના

## કાળી ચૌદશે વોર્ડ નં.12માં કાળુ પાણી આવતાં નાગરિકોને બહારથી જગ ખરીદવા પડ્યા

**પાલિકા** લોકોને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં ધરાર નિષ્ફળ ગયાનો આક્ષેપ



(પ્રતિનિધિ) વડોદરા તા.30

વોર્ડ નં-12ના સ્થાનિક આજે કાળી ચૌદસ ના દિવસે કાળુ પાણી પાલિકા દ્વારા આપવામાં આવ્યું એવા આક્ષેપો કારીયા હતા સ્થાનિકો એ જણાવ્યું હતું કે, કોર્પોરેશન પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં ધરાર નિષ્ફળ પુરવાર થયું છે. વર્ષો પૂર્વે ત્રણ ટાઈમ પાણી મળતું હતું. હાલ એક ટાઈમ પણ પૂરતુ પાણી મળતું નથી. લોકોને પાણી વિના વલખા મારવા પડે છે. કોર્પોરેશનમાં પાણીના પ્રશ્ન અંગે રજૂઆત કરવા જઈએ છીએ, તો યોગ્ય જવાબ મળતો નથી. અમારા વિસ્તારમાં ઠેર-ઠેર ગંદકીના ઢગલા જોવા મળે છે. કોર્પોરેશનના સફાઈ સેવકો કચરાના ઢગલા કરીને જતા રહે છે, પરંતુ, તે કચરાના ઢગલા દિવસો સુધી જે તે સ્થળે પડી રહે છે.

બીજા એક સ્થાનિકે વધુમાં જણાવ્યું હતું કે, કોર્પોરેશન પ્રાથમિક સુવિધાઓ એટલે કે પીવા માટે પૂરતું પાણી તો નથી જ આપતા પરંતુ આજે તહેવારના દિવસે જ્યારે સવારે નળ ખોલ્યો તો ડોહળુ પાણી અને ગંદુ પાણી આવ્યું હતું સાથે સાથે દુર્ગંધ પણ આ પાણીમાંથી આવતી હતી. ત્યોહારના દિવસોમાં અને જીવન જરૂરિયાતની મુખ્ય વસ્તુ એ પાણી છે જે વડોદરા મહાનગરપાલિકા આપી શકતી નથી હાલ તહેવારના દિવસોમાં આજે કાળી ચૌદસના દિવસે વહેલા પાણી ભરવા માટે નળ ખોલ્યો ત્યારે ગંદુ અને દૂષિત પાણી નળ માંથી આવ્યું હતું જે પીવા માટે તો યોગ્ય નતું પરંતુ નાહવા માટે પણ આ પાણી અયોગ્ય હતું. જો આ પાણીથી સ્નાન કરીએ તો અનેક પ્રકારના ચામડીના રોગો પણ ખાઈ શકે એમ હતું જેના કારણે અમારે તહેવારના દિવસે પૂજા પાઠ કરવાને બદલે પાણીની વ્યવસ્થા કરવા માટે બહાર નીકળવું પડ્યું હતું. વિકાસશીલ વડોદરા સુંદર વડોદરા ની વાતો કરતું પાલિકા તંત્ર સદંતર પણે નિષ્ફળ ગયું છે પોતાના જ નગરજનોને પીવાનું ચોખ્ખું પાણી ન આપી શકતા હોય તે પાલિકા નિષ્ફળ જ કહેવાય. અમારે સવારથી ટેન્કરો મંગાઈ અને અમારા મકાનની ટાંકીઓ ભરવી પડી હતી ટેન્કરના પૈસા અમારે ખર્ચવા પડ્યા હતા પણ પાલિકા માત્ર અને માત્ર વિકાસના પોકળ દાવા કરે છે.

### જનરલ બોડી મીટિંગમાં વિકાસના કામો અંગે ચર્ચા કરાઈ

## જિ.પં.ની 30 નોટિસ પછી પણ કામ નહિ થતાં બે કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી

**બંને** કોન્ટ્રાક્ટર સામે બ્લેક લિસ્ટ તેમજ ડિપોઝિટમાંથી રકમ કાપવા માટે ઠરાવ



(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા જિલ્લા પંચાયતની ત્રણ મહિને મળતી જનરલ બોડી મીટિંગમાં વિકાસના કામો અંગે ચર્ચા કરવામાં આવી હતી.જે દરમિયાન પાંચ માઈનોર ઈરિગેશન ટેન્કના અંદાજે ru કરોડના કામો શરૂ નહિ કરનાર બે કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયતના સભાગૃહનું રિનોવેશન ચાલી રહ્યું હોવાથી ગઈ સભા કોઠીના ધારાસભા હોલમાં મળી હતી.જ્યારે આજે નવી કલેક્ટર કચેરી ખાતે મીટિંગ મળી હતી.જેમાં પંચાયતના સયાજીપુરા સ્ટોર બિલ્ડિંગ, કરનાળી રેસ્ટ હાઉસ અને સાવલી બસ સ્ટેન્ડ પાસેની જૂની ઓફિસને પીપીપી ધોરણે ડેવલપ કરવા ઠરાવ કરાયો હતો.

આ ઉપરાંત વાઘોડિયા તાલુકાના જરોદ, કોટંબી અને રવાલ ગામે તેમજ સાવલીના વડદલા ગામે માઈનોર ઈરિગેશન ટેન્કનો દોઢ વર્ષ પહેલાં અંદાજે રૂ.એક કરોડનો કોન્ટ્રાક્ટ લેનાર છાણીની મિરલ કનસ્ટ્રક્શનને ૨૩ નોટિસ આપી હોવા છતાં કામ શરૂ કર્યું નથી. જ્યારે,સાવલીના જાવલા ગામે આવી જ રીતે માઈનોર ઈરિગેશન ટેન્કનું અંદાજે રૂ.૧૮ લાખનું કામ લેનાર રાજેન્દ્રસિંહ વિક્રમસિંહ સોલંકીને પણ ૭ નોટિસ આપવા છતાં કામ શરૂ કર્યું નથી.જેથી બંને કોન્ટ્રાક્ટર સામે બ્લેક લિસ્ટ તેમજ ડિપોઝિટમાંથી રકમ કાપવા માટે ઠરાવ કરવામાં આવ્યો હતો.